અપીલ અરજી નં.૧૧૧ તા.૨૫–૭–૦૮

અરજદારઃ શ્રી નિર્મલાબેન વસંતલાલ તથા વસંતલાલ દલપતરામ જરીવાલા
સામાવાળાઃડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિર્મલાબેન વસંતલાલ તથા વસંતલાલ દલપતરામ જરીવાલાની તા.૨૭–૫–૦૮ ની અરજીથી કતારગામ ઝોનમાં મિલ્કત નં.૪૮૫ પૈકી ૪૯/અ,બ બહુચર સોસાયટી ટેના નં.૧૯ઈ–૫૩–૦૯૭૧–૦–૦૦૧ ના માલિકોએ અરજી સાથે રજૂ કરેલ પૂરાવા નહી આપવા બદલ સંબંધિત બાબતે કાયદાકીય કયા પગલાં ભરશો? તેવી વિગતોની માહિતી બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૫–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૧૧/૦૮–૦૯

શ્રી નિર્મલાબેન વસંતલાલ તથા વસંતલાલ દલપતરામ જરીવાલાની તા.૨૭–૫–૦૮ ની અરજીથી કતારગામ ઝોનમાં મિલ્કત નં.૪૮૫ પૈકી ૪૯/અ,બ બહુચર સોસાયટી ટેના નં.૧૯ઈ–૫૩–૦૯૭૧–૦–૦૦૧ ના માલિકોએ અરજી સાથે રજૂ કરેલ પૂરાવા નહી આપવા બદલ સંબંધિત બાબતે કાયદાકીય કયા પગલાં ભરશો? તેવી વિગતોની માહિતી બાબતે ઉત્તમરામ દલપતરામ તથા ભારતીબેન ઉત્તમરામ ના નામો આકારણી દફતરે ચઢયા તેના દસ્તાવેજ પુરાવા તથા અરજદારનું નામ રેકર્ડ ઉપર ચઢાવવા બાબતે એપેલેટ ઓફિસરને તા.૨૫–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/વિસંગતતા હોય તો તથા અરજીથી રેકર્ડ ઉપર ચઢ ાવવાની કાર્યવાહી સહિતની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૩૮૭ તા.૪–૮–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.એન.ઝેડ/એઆરડી/૩૪૪ તા.૧૧–૮–૦૮ થી માહિતીની વિગતો અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે તા.૨૭–૫–૦૮ ની માહિતી માંગતી અરજી સામે તા.૧૩–૬–૦૮ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે નિયત સમયની અવધિ પુર્ણ થતા પૂર્વે અપીલ કરેલ જેથી ગ્રાહય રાખવા પાત્ર ન ઠરતી હોવાથી દફતરે કરવામાં આવેલ. જેની નં.આરટીઆઈ સેલ/૨૪૧ તા.૨૪–૬–૦૮ થી અરજદારને જાણ કરવામાં આવેલ.અરજદારે તા.૨૫–૭–૦૮ ના રોજ ફરીથી રીમાઈન્ડર અપીલ કરેલ છે. અરજદારે ઉત્તમરામ દલપતરામ તથા ભારતીબેન ઉત્તમરામનન નામો નોર્થ ઝોનના દફતરે ચઢેલ તુના દસ્તાવેજી પુરાવાની માંગણી કરેલ છે તથા વેરો ભરપાઈ કરી તા.૨૪–૭–૦૮ ના રોજ રેકર્ડ ઉપર ચઢાવવા અરજી કરેલ જણાય છે. અરજદારે મુળ અરજીમાં પણ નામો ચઢાવ્યા નથી તેવી રજુઆત કરેલ છે જે વહીવટી કાર્યવાહીને લગતી છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે તા.૨૭–૫–૦૮ ના રોજ કરેલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી એન.ઝેડ/એઆરડી/૩૩૪ તા.૪–૭–૦૮ ના રોજ અરજદારને પૂરી પાડયા અંગેની નકલ અત્રે રજુ કરેલ છે તથા તેમને ટપાલ પહોંચાડયા અંગે પ્યુન બુકમાં અરજદારની સહી કરેલ પુરાવા પણ રજુ કરેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી આગોતરો સમય મેળવી દફતરી ઈન્સ્પેકશન કરી શકે છે.

અરજદાર તેમ કરવા જણાવ્યેથી આરટીઆઈ એકટના નિયમ–૫ હેઠળ ઠરાવેલ પ્રક્રિયા અનુસરી દિન–૭ માં દફતરી ઈન્સ્પેકશન પુરું પાડવા અને કરેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે.અન્ય નામે ચઢાવવા અંગે અરજદારની રજુઆત બાબતે સક્ષમ સત્તાધીશને અલગ રજુઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,કતારગામ ઝોન..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નિર્મલાબેન વસંતલાલ તથા વસંતલાલ દલપતરામ જરીવાલા,